# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં .૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦–એ, ગાંધીનગર**

**દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ (Special Recruitment Drive)**

**જાહેરાત ક્રમાંકઃ ૨૭૧/૨૦૨૪૨૫ અંગેની વિગતવાર સુચનાઓ**

**(વેબસાઈટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત ગૌણ સેવા, વર્ગ -૩ (ગ્રુપ- A તથા ગ્રુપ – B) ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા** (Gujarat Subordinate Services Class III (Group-A and Group-B) (Combined Competitive Examination) **માટે નીચે દર્શાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી યાદી તૈયાર કરવા માટે ફક્ત દિવ્યાંગ ઉમેદવારો પાસેથી** ojas **વેબસાઇટના માધ્યમથી ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે.**

Group-A:

| ક્રમ | સંવર્ગ (વર્ગ-૩) | વિભાગ/ખાતાના વડાની કચેરી |
|---|---|---|
| ૧. | હેડ ક્લાર્ક | વિવિધ ખાતાના વડા |
| ૨. | સીનીયર ક્લાર્ક | વિવિધ ખાતાના વડા |
| ૩. | ઓફિસ આસિસ્ટન્ટ | સચિવાલય, ગુજરાત વિધાનસભા તથા ગુજરાત જાહેર સેવા આયોગ |
| ૪. | કલેક્ટર કચેરીના ક્લાર્ક | કલેક્ટર કચેરીઓ |
| ૫. | કચેરી અધિક્ષક | વિવિધ ખાતાના વડા |

**Group-B:**

| ક્રમ | સંવર્ગ (વર્ગ-૩) | વિભાગ/ખાતાના વડાની કચેરી |
|---|---|---|
| ૧. | જુનિયર ક્લાર્ક | વિવિધ ખાતાના વડા |

આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર **તા.૦૧/૦૪/૨૦૨૫ (૧૪–૦૦ કલાક) થી તા.૨૫/૦૪/૨૦૨૫(૨૩–૫૯ કલાક) દરમ્યાન ઓન-લાઈન અરજી કરવાની રહેશે**. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in પર મૂકવામાં આવશે તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચુક જોતા રહેવું.

૧) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ સમગ્ર જાહેરાત ઓન-લાઇન અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૨) ઓન-લાઈન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ, ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓન-લાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન-લાઇન અરજીમાં એવા

પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી "રદ" થવાપાત્ર બને છે.

૩) જરૂરીયાત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઇલ નંબર પર SMSથી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી આ નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

## <u>સંવર્ગવાર ભરવાપાત્ર જગ્યાની વિગતો</u>

| અ.નં | સંવર્ગનું નામ | કુલ જગ્યાઓ | દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | બધિર અને ઓછું સાંભળનાર | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્ત માંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ | સ્વલીનતા બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી - D અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E |
| | | | A | B | C | D & E |
| 1 | જુનીયર કલાર્ક, વર્ગ -૩ | 174 | 52 | 53 | 13 | 56 |
| 2 | સિનિયર કલાર્ક, વર્ગ -૩ | 30 | 14 | 9 | 2 | 5 |
| 3 | હેડ કલાર્ક, વર્ગ -૩ | 21 | 15 | 4 | 1 | 1 |
| 4 | ઓફિસ આસીસ્ટન્ટ, વર્ગ -૩ | 11 | 2 | 5 | 2 | 2 |
| 5 | જુનિયર કલાર્ક, વર્ગ -૩ (કલેકટર કચેરી) | 106 | 32 | 32 | 11 | 31 |
| 6 | કચેરી અધિક્ષક | 1 | 1 | 0 | 0 | 0 |
| કુલ | | 343 | 116 | 103 | 29 | 95 |

**નોંધ:-**

**(૧) કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક (Ex-serviceman) ઉમેદવારો માટે જગ્યા અનામત રાખવામાં આવેલ નથી.**

**(૨) સામાન્ય વહિવટ વિભાગના તા.૨૦/૧૧/૨૦૨૪ના ઠરાવ ક્ર:- સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ અન્વયે સદર ભરતીનો પ્રથમ પ્રસંગ ગણવાનો રહેશે.**

**(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૧/૧૧/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ (ભાગ-૧)ને આધિન રાજ્ય સરકાર હેઠળની દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝૂંબેશ (Special Recruitment Drive) હેઠળ માત્ર દિવ્યાંગ ઉમેદવારોથી ભરવાની રહેતી હોય, The Rights of Persons with Disability Act, 2016 તથા ત્યાર બાદના વખતોવખતના સુધારાથી નિયત કરવામાં આવેલ દિવ્યાંગતાની કેટેગરીમાં બેંચમાર્ક ડીસેબિલીટી ધરાવતાં ઉમેદવારો જ અરજી કરી શકશે. અન્ય ઉમેદવારોએ આ જાહેરાત અંતર્ગત અરજી કરવાની રહેશે નહી.**

**(૪) સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર દિવ્યાંગ ઉમેદવારને ૧૦ વર્ષની મહત્તમ છૂટછાટ (૪૫ વર્ષથી વધુ ન હોય તે રીતે) લાગુ પડશે.**

## (૧) હેડ કલાર્ક, વર્ગ-૩

| અ.નં. | ખાતાના વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D & E |
| 1 | નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી | 1 | 0 | 1<br>D, HH<br>(40-70%) | 0 | 0 |
| 2 | કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ | 2 | 1<br>B, LV<br>(40-70 %) | 1<br>D, HH<br>(40-70%) | 0 | 0 |
| 3 | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરી | 1 | 1<br>B, LV<br>(40-70 %) | 0 | 0 | 0 |
| 4 | નિયામકશ્રી, બાગાયતની કચેરી | 1 | 1<br>B, LV<br>(40-70 %) | 0 | 0 | 0 |
| 5 | નિયામકશ્રી, પશુપાલન ખાતાની કચેરી | 1 | 1<br>B, LV | 0 | 0 | 0 |
| 6 | વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી | 1 | 1<br>B, LV<br>(40-70 %) | 0 | 0 | 0 |
| 7 | કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી (ICDS) | 1 | 1<br>B, LV<br>(40-75 %) | 0 | 0 | 0 |
| 8 | ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી | 1 | 1<br>B, LV | 0 | 0 | 0 |
| 9 | કમિશનર શાળાઓની કચેરી | 4 | 1<br>B, LV | 1<br>D, HH | 1<br>BL, BA, OL, OA, OLA, CP, SD, SI, LC, DW, AAV | 1<br>ASD, SLD, MI |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **10** | અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીની કચેરી | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **11** | નિયામક, નાગરિક સંરક્ષણની કચેરી | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **12** | કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝની કચેરી | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **13** | નિયામકશ્રી, સમાજ સુરક્ષા | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **14** | તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ | **2** | 1<br>B, LV | 1<br>D, HH | 0 | 0 |
| **15** | પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **16** | નશાબંધી અને આબકારી નિયામકની કચેરી, ગાંધીનગર | **1** | 1<br>B, LV<br>(40-70%) | 0 | 0 | 0 |
| **કુલ** | | **21** | **15** | **4** | **1** | **1** |

## (૨) સીનીયર કલાર્ક, વર્ગ-૩

| **અ.નં.** | **ખાતાના વડાની કચેરીનું નામ** | **કુલ જગ્યાઓ** | **દિવ્યાંગતાનો પ્રકાર** | | | |
|---|---|---|---|---|---|---|
| | | | **A** | **B** | **C** | **D & E** |
| **1** | નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી | **1** | 0 | 0 | 1<br>BL, BA, OL, OA, BLOA, OLA, CP, SD, SI, LC, DW, AAV, MDy | 0 |
| **2** | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી | **1** | 1<br>B, LV<br>(40-70%) | 0 | 0 | 0 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **3** | નિયામકશ્રી, બાગાયતની કચેરી | **1** | 1<br>B, LV<br>(40-70%) | 0 | 0 | 0 |
| **4** | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી | **1** | 1<br>B, LV<br>(40-70%) | 0 | 0 | 0 |
| **5** | શ્રમ આયુક્તની કચેરી | **2** | 1<br>LV<br>(40-70%) | 1<br>HH<br>(40-70%) | 0 | 0 |
| **6** | વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી | **2** | 0 | 1<br>D, HH<br>(40-70%) | 1<br>BL, BA, OL, OA, OAL, CP, SD, SI, LC, DW, AAV | 0 |
| **7** | મુખ્ય રાજ્યવેરા કમિશ્નરની કચેરી | **1** | 0 | 0 | 0 | 1<br>ASD, MI(40-70%), MD(40-70%) |
| **8** | ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી | **2** | 1<br>B, LV | 1<br>D, HH | 0 | 0 |
| **9** | કમિશનર શાળાઓની કચેરી | **6** | 2<br>B, LV | 2<br>D, HH | 0 | 2<br>ASD(M), SLD, MI, MD |
| **10** | કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝની કચેરી | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **11** | કમિશ્નરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **12** | તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ | **3** | 1<br>B, LV | 1<br>D, HH | 0 | 1<br>ASD(M), SLD, MI, MD |
| **13** | નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરી (તાલીમ પાંખ) | **5** | 2<br>B, LV | 2<br>D, HH | 0 | 1<br>ASD, ID, SLD, MI, MD |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **14** | પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી | **2** | 1<br>B, LV | 1<br>D, HH | 0 | 0 |
| **15** | નશાબંધી અને આબકારી નિયામકની કચેરી | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **કુલ** | | **30** | **14** | **9** | **2** | **5** |

## (૩) ઓફિસ આસિસ્ટન્ટ, વર્ગ-૩

| અ.નં. | ખાતાના વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | **A** | **B** | **C** | **D & E** |
| **1** | સામાન્ય વહીવટ વિભાગ | **9** | 2<br>B, LV | 3<br>D, HH | 2<br>BL, BA, OL, OA, BLA, OLA, CP, SD, SI, LC, DW, AAV | 2<br>SLD, MI, MD |
| **2** | ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) | **1** | 0 | 1<br>D, HH | 0 | 0 |
| **3** | ગુજરાત વિધાનસભા સચિવાલય | **1** | 0 | 1<br>D, HH | 0 | 0 |
| **કુલ** | | **11** | **2** | **5** | **2** | **2** |

## (૪) કલેક્ટર કચેરી ક્લાર્ક, વર્ગ-૩

| અ.નં. | ખાતાના વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | **A**<br>**B,LV (40-75%)** | **B**<br>**D, HH (40-75%)** | **C**<br>**OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy, SD, SI (40-75%)** | **D & E**<br>**ASD(M), SLD, MI, MD (40-75%)** |
| 1 | **કલેક્ટર કચેરી અમદાવાદ** | **5** | 2 | 1 | 0 | 2 |
| 2 | **કલેક્ટર કચેરી અમરેલી** | **2** | 0 | 1 | 0 | 1 |
| 3 | **કલેક્ટર કચેરી અરવલ્લી** | **3** | 1 | 1 | 0 | 1 |
| 4 | **કલેક્ટર કચેરી આણંદ** | **3** | 0 | 2 | 0 | 1 |
| 5 | **કલેક્ટર કચેરી કચ્છ** | **5** | 1 | 2 | 0 | 2 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **6** | **કલેક્ટર કચેરી ખેડા** | **4** | 2 | 1 | 1 | 0 |
| **7** | **કલેક્ટર કચેરી ગાંધીનગર** | **2** | 0 | 1 | 0 | 1 |
| **8** | **કલેક્ટર કચેરી ગીર–સોમનાથ** | **2** | 0 | 1 | 0 | 1 |
| **9** | **કલેક્ટર કચેરી છોટાઉદેપુર** | **4** | 2 | 1 | 0 | 1 |
| **10** | **કલેક્ટર કચેરી જામનગર** | **2** | 1 | 0 | 0 | 1 |
| **11** | **કલેક્ટર કચેરી જુનાગઢ** | **2** | 1 | 1 | 0 | 0 |
| **12** | **કલેક્ટર કચેરી ડાંગ** | **1** | 0 | 1 | 0 | 0 |
| **13** | **કલેક્ટર કચેરી દાહોદ** | **3** | 1 | 0 | 1 | 1 |
| **14** | **કલેક્ટર કચેરી તાપી** | **4** | 1 | 1 | 1 | 1 |
| **15** | **કલેક્ટર કચેરી દેવભૂમિદ્વારકા** | **1** | 0 | 1 | 0 | 0 |
| **16** | **કલેક્ટર કચેરી નર્મદા** | **2** | 1 | 0 | 0 | 1 |
| **17** | **કલેક્ટર કચેરી નવસારી** | **3** | 1 | 1 | 0 | 1 |
| **18** | **કલેક્ટર કચેરી પંચમહાલ** | **2** | 1 | 0 | 0 | 1 |
| **19** | **કલેક્ટર કચેરી પાટણ** | **3** | 1 | 1 | 0 | 1 |
| **20** | **કલેક્ટર કચેરી પોરબંદર** | **2** | 0 | 1 | 1 | 0 |
| **21** | **કલેક્ટર કચેરી બનાસકાંઠા** | **6** | 3 | 1 | 0 | 2 |
| **22** | **કલેક્ટર કચેરી બોટાદ** | **0** | 0 | 0 | 0 | 0 |
| **23** | **કલેક્ટર કચેરી ભરૂચ** | **6** | 1 | 2 | 2 | 1 |
| **24** | **કલેક્ટર કચેરી ભાવનગર** | **1** | 0 | 0 | 0 | 1 |
| **25** | **કલેક્ટર કચેરી મહિસાગર** | **4** | 1 | 1 | 1 | 1 |
| **26** | **કલેક્ટર કચેરી મહેસાણા** | **3** | 1 | 1 | 0 | 1 |
| **27** | **કલેક્ટર કચેરી મોરબી** | **2** | 0 | 1 | 0 | 1 |
| **28** | **કલેક્ટર કચેરી રાજકોટ** | **4** | 1 | 2 | 0 | 1 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **29** | **કલેક્ટર કચેરી વડોદરા** | **6** | 1 | 1 | 2 | 2 |
| **30** | **કલેક્ટર કચેરી વલસાડ** | **4** | 1 | 1 | 1 | 1 |
| **31** | **કલેક્ટર કચેરી સાબરકાંઠા** | **3** | 2 | 0 | 0 | 1 |
| **32** | **કલેક્ટર કચેરી સુરેન્દ્રનગર** | **6** | 2 | 2 | 1 | 1 |
| **33** | **કલેક્ટર કચેરી સુરત** | **6** | 3 | 2 | 0 | 1 |
| **કુલ** | | **106** | **32** | **32** | **11** | **31** |

## (૫) જુનિયર ક્લાર્ક, વર્ગ-૩

| **અ.નં.** | **ખાતાના વડાની કચેરીનું નામ** | **કુલ જગ્યાઓ** | **દિવ્યાંગતાનો પ્રકાર** | | | |
|---|---|---|---|---|---|---|
| | | | **A** | **B** | **C** | **D & E** |
| **1** | ઝોનલ કચેરી અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ | **17** | 4<br>B, LV | 5<br>D, HH | 2<br>BL, BA, OL, OA, OLA, CP, SD, SI, LC, DW, AAV | 6<br>ASD(M), SLD, MI, MD |
| **2** | ઝોનલ કચેરી રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ | **11** | 3<br>B, LV | 4<br>D, HH | 0 | 4<br>ASD(M), SLD, MI, MD |
| **3** | નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી | **5** | 1<br>B, LV<br>(40-70%) | 1<br>D, HH<br>(40-70%) | 2<br>BL, BA, OL, OAL, BLOA, OLA, CP, SD, SI, LC, DW, AAV, MDy | 1<br>SLD |
| **4** | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી | **29** | 9<br>B, LV | 10<br>D, HH | 0 | 10<br>ASD(M), MD, SLD, MI |
| **5** | નિયામકશ્રી, બાગાયતની કચેરી | **4** | 1<br>B, LV<br>(40-70%) | 1<br>D, HH<br>(40-70%) | 1<br>BL, BA, OL, OA, OLA, CP, SD, SI, LC, DW, AAV, MDy | 1<br>ASD(M), SLD, MI, MD |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **6** | વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી | **12** | 3<br>B, LV<br>(40-70%) | 4<br>D, HH<br>(40-70%) | 0 | 5<br>ASD, SLD, MI, MD(40-70%) |
| **7** | વીમા નિયામકશ્રીની કચેરી | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **8** | હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી | **10** | 3<br>B, LV | 4<br>D, HH | 0 | 3<br>ASD, SLD, MI (40-70%), MD (40-70%) |
| **9** | સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય | **10** | 1<br>B, LV<br>(40-70%) | 1<br>D, HH<br>(40-70%) | 2<br>BL, BA, OL, OA, OLA, CP, SD, SI, LC, DW, AAV, MDy | 6<br>ASD, ID, SLD, MI, MD |
| **10** | શ્રમ નિયામકશ્રીની કચેરી | **12** | 3<br>LV<br>(40-70%) | 4<br>HH<br>(40-70%) | 2<br>BL, BA, OL, OA, OLA, CP, LC, DW, AAV, | 3<br>SLD, MI(40-70%), MD(40-70%) |
| **11** | માહિતી નિયામકશ્રીની કચેરી | **2** | 0 | 1<br>D, HH<br>(40-70%) | 1<br>BL, BA, OL, OA, BLOA, OAL, CP, SD, SI, LC, AAV, MDy | 0 |
| **12** | મુખ્ય રાજ્યવેરા કમિશ્નરશ્રીની કચેરી | **3** | 0 | 0 | 0 | 3<br>ASD, MI(40-70%), MD(40-70%) |
| **13** | ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી | **4** | 2<br>B, LV | 2<br>D, HH | 0 | 0 |
| **14** | મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી | **3** | 1<br>B, LV | 1<br>D, HH | 0 | 1<br>ASD(M), SLD, MI, MD |
| **15** | કમિશ્નર શાળાઓની કચેરી | **19** | 7<br>B, LV | 5<br>D, HH | 0 | 7<br>ASD, SLD, MI, MD |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **16** | કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી | **5** | 2<br>B, LV<br>(40-70%) | 2<br>D, HH<br>(40-70%) | 0 | 1<br>SLD, MI, MD<br>(40-70%) |
| **17** | ભાષા નિયામકશ્રીની કચેરી | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **18** | અભિલેખાગાર નિયામકશ્રીની કચેરી | **1** | 1<br>B, LV<br>(40-70%) | 0 | 0 | 0 |
| **19** | નિયામક, નાગરિક સંરક્ષણની કચેરી | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **20** | કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્ઝ કચેરી | **2** | 1<br>B, LV | 1<br>D, HH | 0 | 0 |
| **21** | સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત,ગાંધીનગર | **1** | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **22** | નિયામકશ્રી,સમાજ સુરક્ષાની કચેરી | **4** | 1<br>B, LV<br>(40-70%) | 1<br>D, HH<br>(40-70%) | 1<br>BL, BA, OL, OA, OLA, CP, SD, SI, LC, DW, AAV | 1<br>ASD, SLD, MI(40-70%),MD(40-70%) |
| **23** | કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી | **2** | 1<br>B, LV | 1<br>D, HH | 0 | 0 |
| **24** | તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ | **15** | 4<br>B, LV | 5<br>D, HH | 2<br>BL, BA, OL, OA, OAL, CP, SD, SI, LC, DW, AAV, MDy | 4<br>ASD(M), SLD, MI, MD |
| **કુલ** | | **174** | **52** | **53** | **13** | **56** |

## (૬) અન્ય સંવર્ગ, વર્ગ-૩

| અ.નં. | ખાતાના વડાની કચેરીનું નામ | સંવર્ગ | કુલ જગ્યાઓ | દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D & E |
| 1 | ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશ્નરની કચેરી | કચેરી અધિક્ષક | 1 | 1<br>B, LV | 0 | 0 | 0 |
| **કુલ** | | | **1** | **1** | **0** | **0** | **0** |

B (Blind), LV (Low Vision), D (Deaf), HH (Hard of Hearing), OA (One Arm), OL (One leg), BA (Both Arms), BL (Both Legs), BH (Stiff back and hips), BLA (Both Leg or Both Arm), OAL (One Arm and One leg), BLOA (Both Leg and One Arm), BAOL (Both Arm and One Leg), CP (Cerebral palsy), LC (Leprosy Cured), Dw (Dwarfism), AAV (Acid Attack Victim), SI- Spine Injury, SD- Spine Deformity ASD (Autism Spectrum Disorder) M- Mild MoD- Moderate, SLD (Specific Learning Disability), MI (Mental Illness), MD (Multiple Disabilities) Disabilities included in Group A to D, MDy (Muscular Dystrophy), ID- Intellectual Disability,

**નોંધ:-**

**(૧) ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ/ગ-૨ના ઠરાવની જોગવાઇ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યંગતાની ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ**

મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮–૪૬૯૫૪૦- ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં). શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની અશક્તતાની વિગત અને ટકાવારી દર્શાવવાની રહેશે.

(૨) ઉપર દર્શાવેલ જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલ હોઈ જગ્યાઓમાં વધઘટ થઇ શકશે.

(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ (ભાગ-૧) ને આધિન રાજ્ય સરકાર હેઠળની દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝૂંબેશ (Special Recruitment Drive) હેઠળ માત્ર દિવ્યાંગ ઉમેદવારોથી ભરવાની રહેતી હોઇ, કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) આધારિત અનામતની જોગવાઈઓ આ ભરતી પ્રક્રિયા માટે લાગુ પાડવાની રહેતી નથી. ભરતી પ્રક્રિયાને અંતે લાયક ઠરેલ ઉમેદવારો તેઓની સંબંધિત જે તે કેટેગરીની જગ્યાઓ સામે સરભર કરવામાં આવશે.

(૪) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝૂંબેશ (Special Recruitment Drive) હેઠળ માત્ર દિવ્યાંગ ઉમેદવારોથી ભરવાની રહેતી હોઇ, સામાન્ય વહીવટ વિભાગના તા.

**૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨/૧૩/ગ.૨ (ભાગ–૧) મુજબ મહિલા અનામતના ધોરણો આ ભરતી પ્રક્રિયા માટે લાગુ પાડવાના રહેતા નથી. ભરતી પ્રક્રિયાને અંતે લાયક ઠરેલ મહિલા ઉમેદવારો તેઓની સંબંધિત જે તે કેટેગરીની મહિલા અનામતની જગ્યા સામે સરભર કરવામાં આવશે.**

**(૫) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ દિવ્યાંગ વ્યક્તિઓની સીધી ભરતીમાં અનામતની જગ્યાઓની ઘટ ખાસ ભરતી ઝૂંબેશ (Special Recruitment Drive) હેઠળ માત્ર દિવ્યાંગ ઉમેદવારોથી ભરવાની રહેતી હોઇ, માજી સૈનિક માટે અનામતના ધોરણો લાગુ પાડવાની રહેશે નહીં.**

**૨. <u>રાષ્ટ્રીયતા</u>:-**

**ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.**

**૩.(૧) <u>વયમર્યાદા</u>:-**

**૧. ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.**

**૨. અરજી કરવની છેલ્લી તારીખ અર્થાત ૨૫/૦૪/૨૦૨૫ના રોજ ઉમેદવારે ૨૦ (વીસ) વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ અને ૪૫ (પીસ્તાળીસ) વર્ષ પૂર્ણ કરેલ ન હોવા જોઈએ.**

**૩. ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.**

૩. (૨) <u>વયમર્યાદામાં છૂટછાટ</u>: -

સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર દિવ્યાંગ ઉમેદવારને ૧૦ વર્ષની મહત્તમ છૂટછાટ (૪૫ વર્ષથી વધુ ન હોય તે રીતે) લાગુ પડશે.

૪. <u>શૈક્ષણિક લાયકાત :-</u>

(૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.

(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. <u>અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ:-</u>

(૧) મૂળ ગુજરાતનાં અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.

(૨) અનુ. જાતિ, અનુ. જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકના કેટેગરીના કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામા આવશે નહીં.

(૪) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે તથા મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે અચૂક સામેલ કરવાનું રહેશે. જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જશે તો ઉમેદવારી “રદ” ગણવામાં આવશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના દિવ્યાંગ ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩/૨૦૨૩–૨૪/૨૦૨૪–૨૫ ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી રાજય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ તા.૦૧/૦૪/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૫/૦૪/૨૦૨૫ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં તેઓની

પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી “રદ” કરવામાં આવશે.

ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્રી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિં.

ઉમેદવારે તા.૦૧/૦૪/૨૦૨૩ થી અરજી કરવાની છેલ્લી તા.૨૫/૦૪/૨૦૨૫ દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઈશ્યૂ તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ–૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૭ /૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં પરિશિષ્ટ-૪ સિવાયના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી કરવાની છેલ્રી તારીખ તા.૨૫/૦૪/૨૦૨૫ દરમ્યાનમાં મેળવેલ કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ Annexure-A મુજબના નમુનામાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે.

(૬) આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩ /અ ની જોગવાઈ થી નિયત થયેલ નમુના Annexure-KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ (ગુજરાતી) નમૂનામાં તા.૨૫/૦૪/૨૦૨૫ સુધીમાં મેળવેલ હોવું જોઈશે અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ઠરાવ ક્રમાંક : ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇ મુજબ તા.૨૬/૦૪/૨૦૨૨ થી તા.૨૫/૦૪/૨૦૨૫ દરમ્યાન મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર (ફક્ત ગુજરાત સરકાર હેઠળના અનામતના હેતુ માટે)નો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહી.

આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ અરજીપત્રક ભરતા સમયે દર્શાવેલ EWS ના પ્રમાણપત્ર ક્રમાંક અને ઈસ્યુ તારીખની વિગતો મુજબનું રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ Annexure-KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ ના નિયત નમુનામાં (ગુજરાતી) આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય દિવ્યાંગ ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર તા.૨૬/૦૪/૨૦૨૨ થી તા.૨૫/૦૪/૨૦૨૫ દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને

તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ-ઇડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઈસ્યુ (Issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે.

ગુજરાત સરકાર સિવાયના EWS ના પ્રમાણપત્રના વિકલ્પે નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ ની આવકના આધારે તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી કરવાની છેલ્લી તા.૨૫/૦૪/૨૦૨૫ સુધીમાં Income and Asset Certificate મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ સબંધિત કેટેગરીનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે.

ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહી.

(૭) ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં વિગતો ભરતા સમયે જાતિ(કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક કન્ફર્મ થયેથી જાતિ (કેટેગરી)માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામા આવશે નહી.

## ૬. કોમ્પ્યુટરની જાણકારી

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા

ધોરણ- ૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

૭. <u>શૈક્ષણિક લાયકાત / વયમર્યાદા / વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ</u> :-

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ એટલે કે તા.૨૫/૦૪/૨૦૨૫ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૮. <u>પગાર ધોરણ</u>:-

નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ ના તથા તા. ૨૯/૪/૨૦૧૦ અને તા. ૬/૧૦/૨૦૧૧, તા. ૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨- ૫૭-ઝ.૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨- ૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ તથા છેલ્લે નાણા વિભાગના તા. ૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨- ૫૭-(પાર્ટ-૪)-ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદુપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩-૧૦-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-

સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણા વિભાગના તા. ૨૮-૦૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા. ૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. 14124/2012 અને SLP No. 14125/2012 ના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | સંવર્ગ (વર્ગ-૩) | ખાતાના વડાની કચેરી | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર |
|---|---|---|---|
| ૧. | હેડ ક્લાર્ક | વિવિધ ખાતાના વડા | ૪૦,૮૦૦/- |
| ૨. | સીનીયર ક્લાર્ક | વિવિધ ખાતાના વડા | ૨૬,૦૦૦/- |
| ૩. | ઓફિસ આસિસ્ટન્ટ | સચિવાલય તથા ગુજરાત જાહેર સેવા આયોગ | ૨૬,૦૦૦/- |
| ૪. | કલેક્ટર કચેરીના ક્લાર્ક | કલેક્ટર કચેરીઓ | ૨૬,૦૦૦/- |
| ૫. | જુનિયર ક્લાર્ક | વિવિધ ખાતાના વડા | ૨૬,૦૦૦/- |

૯. <u>પરીક્ષા ફી</u>:-

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮/૦૫/૨૦૨૩ના જાહેરનામાની જોગવાઈ- ૧૧ મુજબ ગુજરાત ગૌણ સેવા, વર્ગ -૩(ગ્રુપ- એ તથા ગ્રુપ – બી) (સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા) માટે પરીક્ષા ફી રૂ.૪૦૦/- (અંકે રૂપિયા ચારસો) રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે.પરીક્ષાફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત

તરીકે રાખવામાં આવશે નહીં તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ.કોઈ પણ ઉમેદવારે નિયત પરીક્ષા ફી ભરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં.

- તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ભરવાની થાય છે. ઉમેદવાર જ્યારે OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી તારીખ : ૩૦/૦૪/૨૦૨૫ (૨૩.૫૯ કલાક) સુધી ફરજીયાત ઓન-લાઇન ભરવાની રહેશે. ઓન-લાઇનના માધ્યમથી ફી ભરવા માટે OJAS વેબસાઇટ પર Online Application ટેબમાં Print Application Form / Pay Fees પર Click કરવાથી Online Payment માટેના Options દેખાશે. જેમાં Online Payment of Fees પર Click કરવું. જેમાં ડેબિટ કાર્ડ (Debit Card), ઇન્ટરનેટ બેંકિંગ (Internet Banking), UPI અથવા વૉલેટ (Wallets) દ્વારા ભરવાની રહેશે. આ ચાર માધ્યમ પૈકીના કોઇ પણ એક માધ્યમ દ્વારા ફી ભર્યા બાદ રીસીપ્ટ જનરેટ થશે, જેની પ્રિન્ટ મેળવી લેવાની સુચના મળશે. ઉમેદવારોએ આ રીસીપ્ટની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. Online Application ટેબમાં Print Application Form / Pay Fees પર Click કર્યા બાદ Online Payment Receipt પર ક્લીક કરવાથી પણ રીસીપ્ટની પ્રિન્ટ મેળવી શકાશે. ઓનલાઇન માધ્યમથી ફી ભરનાર ઉમેદવારે પરીક્ષા ફી નિયમોનુસાર જો લાગુ પડતી હોય તો ટ્રાન્ઝેક્શન ફી ભરવાની રહેશે. પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ બાદ આ લિન્ક આપોઆપ બંધ થઈ જશે. કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇ પણ રીતે (લેઇટ ફી લઇને પણ) પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.

- **આ ફી રોકડમાં, ડિમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર, પે-ઓર્ડર કે અન્ય કોઈ સ્વરૂપે ફી સ્વીકારવામાં આવશે નહીં જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**
- **ઉમેદવારોએ પ્રિલીમિનરી પરીક્ષા માટે પરીક્ષા ફી ભરવાની રહે છે. મુખ્ય પરીક્ષા માટે કોઇ પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.**
- **પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને તેઓએ જે બેંક એકાઉન્ટના માધ્યમથી પરીક્ષા ફી ભરેલ હશે તે બેન્ક એકાઉન્ટમાં જ પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. અન્ય બેન્ક એકાઉન્ટમાં કે રોકડમાં પરીક્ષા ફી પરત કરવાની કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં. આથી, ઉમેદવારોએ તેઓના ખુદ ના બેન્ક એકાઉન્ટના માધ્યમથી પરીક્ષા ફી ભરવી તથા પરીક્ષા પૂર્ણ થયા બાદ પણ તે એકાઉન્ટ ચાલુ રાખવાનું રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારોને કોઈ પણ સંજોગોમાં પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.**
- **પરીક્ષા ફી નહીં ભરનાર ઉમેદવારોની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારોનું અરજી ફોર્મ કોઈ પણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા "રદ" કરવામાં આવશે.**

**૧૦. (અ) <u>પરીક્ષા પદ્ધતિ</u>: -**

**મંડળ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના વિભાગના (૧) તા. ૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંકઃ GS/2023/15/015/K તેમજ (૨) તા. ૨૮/૧૨/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંકઃ GS/2023/31/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.**

**<u>તબક્કો - ૧</u> : પ્રાથમિક પરીક્ષા (ગ્રુપ - A અને ગ્રુપ - B માટે સંયુક્ત પરીક્ષા)**

**(MCQ આધારિત)**

| | | |
|---|---|---|
| 1. | Reasoning | 40 Marks |
| 2. | Quantitative aptitude | 30 Marks |
| 3. | English | 15 Marks |
| 4. | Gujarati | 15 Marks |
| | Total | 100 Marks |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કામાં ગ્રુપ - A અને ગ્રુપ - B હેઠળના તમામ સંવર્ગો માટે પ્રાથમિક પરીક્ષા MCQ (Multiple Choice Question) પ્રકારના પ્રશ્નો ધરાવતી સંયુક્ત સ્પર્ધાત્મક MCQ-OMR અથવા CBRT પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે. જેનો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે સામેલ Appendix-A મુજબનો રહેશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
- MCQ (Multiple Choice Question) માં કુલ– પાંચ વિકલ્પો (A, B, C, D, E) આપવામાં આવશે. આ પાંચ વિકલ્પોમાંથી ઉમેદવારો પ્રશ્નો સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. કોઈ પ્રશ્નના સાચા જવાબ બાબતે વિવાદ ઉભો થાય તે કિસ્સામાં પ્રશ્નનો વધુ નજીકનો જવાબ/મંડળ દ્વારા માન્ય રાખેલ જવાબ આખરી ગણવાનો રહેશે.

- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ/વિકલ્પ પસંદ ન કરવાના કિસ્સામાં ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે પરંતુ વિકલ્પ–E પંસદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહી.
- લહીયાની સુવિધા મેળવનાર ઉમેદવારોને પરીક્ષામાં દર કલાક દીઠ ૨૦ મીનીટનો વળતર સમય ( Compensatory Time ) મળવાપાત્ર રહેશે
- પ્રાથમિક કસોટી ફક્ત સ્કીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.
- અરજી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રિલિમિનરી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષાને અંતે ગ્રુપ - A અને ગ્રુપ - B માટે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની અલગ અલગ યાદી તૈયાર કરવામાં આવશે. અને ગ્રુપ - A અને ગ્રુપ - B માટે મેરીટસના આધારે દિવ્યાંગતાના પ્રકાર (A,B,C,D&E) મુજબ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના સાત ગણા ઉમેદવારોને ગૃપ - A અને ગૃપ - B માટેની બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.
- પ્રથમ તબક્કાની સંયુક્ત પરીક્ષા તથા બીજા તબક્કાની ગૃપ–Bની પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઇ આ પરીક્ષા MCQ-OMR અથવા CBRT પદ્ધતિથી યોજવામાં આવશે. જો Computer Based Response Test (CBRT) પદ્ધતિથી મલ્ટી સેશનમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવે તો ઉમેદવારોનું નોર્મલાઈઝેશન પદ્ધતિથી યોગ્ય મુલ્યાંકન કરી

પરીક્ષાનું પરીણામ તૈયાર કરવામાં આવશે તથા નોર્મલાઈઝેશન પદ્ધતિ બાદના ઉમેદવારના માર્કસને પસંદગી યાદી તૈયાર કરવા તથા કટ-ઓફ માર્કસને માટે ગણતરીમાં લેવામાં આવશે.

**તબક્કો - ૨ : મુખ્ય પરીક્ષા**

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૮-૦૫-૨૦૨૩ના જાહેરનામા મુજબ ગ્રુપ-A માટે વર્ણાત્મક જ્યારે ગ્રુપ-B માટે MCQ-OMR અથવા Computer Based Response Test (CBRT) પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ Appendix-B મુજબ તથા પરીક્ષાનો અભ્યાસક્રમ Appendix-B-1 તથા Appendix-B-2 મુજબનો રહેશે.

**૧૦.(બ) લઘુત્તમ લાયકી ધોરણ:-**

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું લઘુત્તમ લાયકી ધોરણ (Qualifying Standard) પ્રશ્નપત્ર દીઠ ૪૦ ટકા રાખવામાં આવેલ છે.

**૧૧. પસંદગી યાદી તૈયાર કરવાની પદ્ધતિ:-**

(૧) ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પ્રિલીમીનરી પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે ગ્રુપ - A અને ગ્રુપ - B માટેની મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ અલગ યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. દિવ્યાંગતાના પ્રકાર (A,B,C, D&E)મુજબ ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.

(૨) મંડળ દ્વારા બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી ધોરણ તેમજ દિવ્યાંગતાના પ્રકાર (A, B, C, D&E) મુજબ ભરવાની થતી જગ્યાના આધારે ગ્રુપ - A અને ગ્રુપ - B માટે અલગ અલગ આખરી પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. તેમજ જે ઉમેદવારો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ પરંતુ પસંદગી યાદીમાં સ્થાન મેળવી શકેલ નથી તેવા અસફળ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૩) આ જાહેરાતમાં અલગ-અલગ સંવર્ગોની સંયુક્ત જાહેરાત આપવામાં આવેલ હોવાથી સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/ ૩૯૧૦/ગ-૨ ની જોગવાઈઓ અનુસાર પ્રતિક્ષા યાદી (વેઈટીંગ લીસ્ટ) બનાવવામાં આવશે નહી.

૧૨. અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા તા.૦૧/૦૪/૨૦૨૫ ( ૧૪–૦૦ કલાક) થી તા.૨૫/૦૪/૨૦૨૫ (૨૩-૫૯ કલાક સુધી) દરમ્યાન "https://ojas.gujarat.gov.in" વેબસાઈટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગો માટે એક જ અરજી કરવાની રહેશે. એક કરતાં વધુ અરજી કરનાર ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ “રદ” થશે.

ઉમેદવારે પ્રાથમિક પરીક્ષાની ઓનલાઈન અરજી ભરતી વખતે ગ્રુપ –એ અથવા ગ્રુપ-બી અથવા બંને એ મુજબ પસંદગીનો વિકલ્પ આપવાનો રહેશે.

**<u>ઉમેદવારે અરજીપત્રક ભરવા માટેઃ-</u>**

(૧) સૌ પ્રથમ "https://ojas.gujarat.gov.in" વેબસાઈટ પર જવું. અને ત્યાર બાદ

(૨) "On line Application" માં Apply પર Click કરવું અને GSSSB સિલેકટ કરવું.

(૩) ઉમેદવારે જાહેરાત ક્રમાંક:-૨૭૧/૨૦૨૪૨૫ના સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માટે જાહેરાતના સંવર્ગના નામ પર Click કરી Apply પર ક્લિક કરવું. ત્યાર બાદ સ્ક્રીન પર More Details અને Apply now ના ઓપ્શન ખુલશે. જેમાં More Details પર Click કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

(૪) જયારે "Apply now" પર Click કરવાથી નવી Window ખુલશે. જેમાં "Skip" પર ક્લિક કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

(૫) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવાની રહેશે.

(૬) Educational Details ભરાયા બાદ "પરીક્ષા ગૃપ પસંદગી" માં કયા ગૃપમાં પરીક્ષા આપવાની છે તે માટે કોઈપણ એક ગૃપ/બન્ને ગૃપની પસંદગી કરવાની રહેશે.

(૭) ત્યાર બાદ “Assurance” (બાંહેધરી) માં દર્શાવેલ શરતો સ્વીકારવા માટે "Yes" Select કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

(૮) હવે "save" પર Click કરવાથી ઉમેદવારનો "Application Number" Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૯) હવે Upload Photograph પર Click કરો અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી Computer માં સેવ કરેલા હોવા જોઈશે.) photo અને signature અપલોડ કરવા માટે "Browse" button પર Click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને Click કરો. હવે "Browse" button ની બાજુમાં "upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. જે photo અને signature અપલોડ કરવામાં આવ્યા હશે તે જ photo લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ Signature કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા

તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજુ થશે તો ફાળવણી/ નિમણૂંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૧૦) હવે પેજના ઉપરના ભાગમાં Online Application ટેબમાં "Confirm Application" પર Click કરો અને "Application Number" તથા Birth Date type કર્યા બાદ Ok પર Click કરવાથી ઉમેદવારની Basic Details અને Confirm Application દેખાશે. ઉમેદવારને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો edit કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ Confirm Application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં Online સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટ્સ, દિવ્યાંગતા, વિધવા વગૅરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ

દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઈ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. Confirm Application પર click કરતાં અહીં "Confirmation Number" Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

(૧૧) હવે Print Application પર Click કરવું. અહીં Select Job માંથી જાહેરાત ક્રમાંક સિલેક્ટ કરીને તમારો Confirmation Number ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઇપ  કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ કાઢી સાચવી રાખવી. નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી Online Application Form ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર Application Form ડાઉનલોડ કરી શકશે નહીં.

(૧૨) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે અરજી માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ

થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**નોંધ:-** જાહેરાત ક્રમાંકઃ ૨૭૧/૨૦૨૪૨૫ સામેના સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબર: ૦૭૯- ૨૩૨ ૫૮૯૧૬ પર સંપર્ક કરી શકાશે.

**૧૩. સામાન્ય શરતો:-**

(૧) એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિકસ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં માત્ર (1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય માત્ર તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉકત ત્રણ

સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/ ૨૬૬૦/ગ.૨ તથા તા. ૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/ ૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

(૨) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ–૨માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઇએ અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે.

(૪) આગળની ભરતી પ્રક્રિયા સંદર્ભે મંડળ તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

(૫) ના વાંધા પ્રમાણપત્ર (NOC): - ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ મંડળની જાહેરાતના સંદર્ભમાં અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા/કચેરીને અચૂક કરવાની રહેશે.

૧૪. <u>સામાન્ય સુચનાઓ</u>:-

(૧) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબક્કે ‘‘રદ’’ ગણવામાં આવશે.

(૨) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

(૩) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.

(૪) મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) અયથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો

આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ “રદ” થવાને પાત્ર બનશે.

(૫) ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination (Prevention of Unfair

Means) Act, 2023 અધિનિયમ માર્ચ,૨૦૨૩ થી અમલી કરેલ છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં "Examination Authority" તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કરેલ છે. આથી, મંડળ દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગૂ પડે છે. આથી, ઉક્ત જાહેરાતની સ્પર્ધાત્મક પરીક્ષામાં જો કોઇ પણ ઉમેદવાર Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023 ની જોગવાઇઓનો ભંગ કરતો જણાઇ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૬) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ ''રદ'' કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી / નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/ નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબક્કે ''રદ'' કરવામાં આવશે.

(૭) મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તિર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

(૮) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(૯) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૧૦) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.

(૧૧) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

૧૫. આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

તારીખ:- ૨૭/૦૨/૨૦૨૫

સ્થળ:- ગાંધીનગર

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,

ગાંધીનગર

## Appendix - A:

**SYLLABUS OF ADVERTISEMENT NO. 271/202425, Combined Competitive Exam Group A & B**

| | |
|---|---|
| **Total Question** | **100** |
| **Total Marks** | **100** |
| **No. of Options** | **4 (A, B, C, D)** |
| **Mark Per Question** | **1 (For right answer)** |
| **Negative Marking** | **Yes** |
| **Negative Marks per Question** | **¼ (o.25) (For wrong answer)** |
| **Languages** | **Part-A, B & D in Gujarati, Part-1-C in English** |

| Section | PART | Topic & Syllabus | | Mark | Question | Language |
|---|---|---|---|---|---|---|
| 1 | A | Reasoning | | 40 | 40 | Gujarati |
| | | 1<br>2<br>3<br>4<br>5<br>6<br>7 | Problems on Ages<br>Venn Diagram<br>Visual Reasoning<br>Blood relation<br>Arithmetic reasoning<br>Data interpretation (charts, graphs, tables)<br>Data sufficiency | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | B | Quantitative Aptitude | | 30 | 30 | Gujarati |
| | | 1<br>2<br>3<br>4<br>5<br>6<br>7<br>8<br>9<br>10<br>11 | Number Systems<br>Simplification and Algebra<br>Arithmetic and Geometric Progression<br>Average<br>Percentage<br>Profit-Loss<br>Ration and Proportion<br>Partnership<br>Time and Work<br>Time, Wages and me, Speed and Distance<br>Work, Wages and chain rule | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | C | English | | 15 | 15 | English |
| | | 1<br>2<br>3<br>4<br>5<br>6<br>7<br>8<br>9<br>10 | Tense, Voices<br>Narration (Direct-Indirect)<br>Use of Articles and Determiners,<br>Adverbs, nouns, pronoun, verbs<br>Use of prepositions<br>Use of Phrasal Verbs<br>Transformations of sentences<br>One-word substitution<br>Synonyms / Antonyms | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | 11<br>12 | **Comprehension (to assess, comprehension, interpretation and inference skills)**<br>**Jumbled worlds and sentences**<br>**Translation from English to Gujarati** | | | |

| 1 | D | Gujarati | | 15 | 15 | Gujarati |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | રૂઢિપ્રયોગોનો અર્થ અને પ્રયોગ | | | |
| | | ૨ | કહેવતોનો અર્થ | | | |
| | | ૩ | સમાસનો વિગ્રહ અને તેની ઓળખ | | | |
| | | ૪ | સમાનાર્થી શબ્દો / વિરુદ્ધાર્થી શબ્દો | | | |
| | | ૫ | શબ્દસમૂહ માટે એક શબ્દ | | | |
| | | ૬ | વાક્ય પરિવર્તન | | | |
| | | ૭ | સંધિ જોડો કે છોડો | | | |
| | | ૮ | જોડણી શુદ્ધિ | | | |
| | | ૯ | લેખન શુદ્ધિ/ ભાષા શુદ્ધિ | | | |
| | | ૧૦ | ગદ્યસમીક્ષા | | | |
| | | ૧૧ | અર્થ ગ્રહણ | | | |
| | | ૧૨ | ગુજરાતી– અંગ્રેજી ભાષાંતર | | | |

## Appendix - B:

**The Scheme and Subjects of Main Examination for the Posts termed as Group-A shall consist of the following Papers:**

### (Appendix – B-1)

| Paper No. | Subject | Marks | Duration |
|---|---|---|---|
| I | Gujarati Language Skill | 100 | 3 Hours |
| II | English Language Skill | 100 | 3 Hours |
| III | General Studies | 150 | 3 Hours |
| **Total Marks** | | **350** | **-** |

**The Scheme and Subjects of Main Examination for the Posts termed as Group-B shall consist of the following Paper:**

**Part-II: Syllabus for Main Examination 200 Marks Time: 120 Minutes**

### (Appendix – B-2)

| | | |
|---|---|---|
| 1 | English | 20 Marks |
| 2 | Gujarati | 20 Marks |
| 3 | Polity/Public Administration/RTI/CPS/PCA | 30 Marks |
| 4 | History, Geography, Culture Heritage | 30 Marks |
| 5 | Economics, Environment, Science & Tech. | 30 Marks |
| 6 | Current Affairs & Current Affairs with Reasoning | 30 Marks |
| 7 | Reasoning | 40 Marks |
| | **Total** | **200 Marks** |

(Appendix – B-1)

## Main Exam Syllabus (Descriptive Test for Group-A)

| Paper- I | ગુજરાતી (મુખ્ય પરીક્ષા) | (Descriptive) |
|---|---|---|
| ગુણ-૧૦૦ | માધ્યમ- ગુજરાતી | સમય-૩ કલાક |

| અનુક્રમ | અભ્યાસક્રમ વિગત | ફાળવાયેલ ગુણ |
|---|---|---|
| ૧. | નિબંધ : ત્રણ પૈકી કોઈપણ એક (આશરે૨૫૦ થી૩૦૦શબ્દોમાં) (વર્ણનાત્મક વિશ્લેષણાત્મક ચિંતનાત્મક/સાંપ્રત સમસ્યા પર આધારિત) | ૧૫ |
| ૨. | વિચારવિસ્તાર (બે પૈકી કોઈ પણ એક) કાવ્યપંક્તિઓ કે ગદ્યસૂક્તિનો વિચારવિસ્તાર (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૩. | સંક્ષેપીકરણ : આપેલા ગદ્યખંડમાંથી આશરે ૧/૩ ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ | ૧૦ |
| ૪. | ગદ્યસમીક્ષા: આપેલા ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. | ૧૦ |
| ૫. | પ્રચાર માધ્યમો માટે નિવેદનો તૈયારકરવા (આશરે ૧૫૦ શબ્દોમાં) | ૧૦ |

| | | |
|---|---|---|
| ૬. | પત્રલેખન (અભિનંદન શુભેચ્છા વિનંતી ફરિયાદ વગેરે) (આશરે ૧૦૦ શબ્દોમાં) | ૫ |
| ૭. | ચર્ચાપત્ર (આશરે ૨૦૦ શબ્દોમાં) (વર્તમાનપત્રમાં પ્રજાના પ્રશ્નો સાંપ્રત સમસ્યાઓ/વ્યક્તિગત અભિપ્રાય રજુ કરતુ ચર્ચાપત્ર) | ૧૦ |
| ૮. | અહેવાલલેખન (આશરે ૨૦૦ શબ્દોમાં) | ૧૦ |
| ૯. | ભાષાંતર : અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ | ૧૦ |
| ૧૦. | ગુજરાતી વ્યાકરણ<br>સૂચવ્યા મુજબ જવાબ લખો. (આ પ્રશ્નોમાં આંતરિક વિકલ્પો રહેશે નહીં)<br>૧) રૂઢિપ્રયોગોના અર્થ અને તેનો વાક્યપ્રયોગ<br>૨) કહેવતોનો અર્થ<br>૩) સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ<br>૪) છંદ ઓળખાવો<br>૫) અલંકાર ઓળખાવો<br>૬) શબ્દસમૂહ માટે એક શબ્દ<br>૭) જોડણી શુદ્ધિ | ૧૦ |

| | | |
|---|---|---|
| | ૮) લેખન શુદ્ધિ ભાષા શુદ્ધિ<br>૯) સંધિ – જોડો કે છોડો<br>૧૦) વાક્ય રચનાના અંગો વાક્યના પ્રકાર વાક્ય પરિવર્તન | |
| | કુલ | ૧૦૦ |

| **Paper-II** | ENGLISH (MAIN EXAMINATION) | **(Descriptive)** |
|---|---|---|
| Marks-100 | Medium-English | Time-3 Hours |

| No. | Type of Question | Marks to be allotted |
|---|---|---|
| 1. | ESSAY (A minimum of 250 words and a maximum of 300 words):<br>Choose any one topic from a list of five.<br>(Descriptive analytical/philosophical/ based on Current Affairs) | **15** |
| **2.** | LETTER WRITING (in about 150 words)<br>A formal letter expressing one's opinion about an issue.<br>The issues can deal with daily office matters/ a problem that has occurred in the office/ an opinion in response to one sought by a ranked officer/issues pertaining to recent concern. etc. | **10** |
| **3.** | REPORT WRITING (in about 200 words)<br>A report on an official function/event/field trip/survey etc | **10** |
| **4.** | WRITING ON VISUAL INFORMATION (in about150 words): A report on a 10 graph/image/flow chart/table of comparison/simple statistical data etc. | **10** |
| **5.** | FORMAL SPEECH (in about 150 words)<br>A speech (in a formal style) that is to be read out in a formal function. This could be an inauguration speech, an educational seminar/conference, a formal ceremony of importance etc. | **5** |
| **6.** | PRECIS WRITING<br>A precis in about 100 words for a 300-word passage. | **10 x 2 = 20** |
| **7.** | READING COMPREHENSION: A-reading passage of about 250 words to be given followed by short-answer type questions | **10** |
| **8.** | ENGLISH GRAMMAR<br>a. Tenses<br>b. Voice<br>c. Narration (Direct-Indirect)<br>d. Transformation of sentences<br>e. Use of Articles and Determiners<br>f. Use of Prepositions<br>g. Use of Phrasal verbs<br>h. Use of idiomatic expressions<br>i. Administrative Glossary<br>j. Synonyms/Antonyms<br>k. One-word substitution<br>l. Cohesive devices/Connectives/Linkers<br>m. Affixes<br>n. Words that cause confusion likehomonyms/homophones. | **10** |

| | | |
|---|---|---|
| **9.** | TRANSLATION:<br>Translation of a Short Passage (of about 150 words) from Gujarati or English | **10** |
| | **Total** | **100** |

## Paper- III General Studies (Main Examination) (Descriptive)

Marks-150 Medium-Gujarati Time-3 Hours

- **History of India**

1. Indus Valley Civilization: Characteristics, Places, Society, Cultural History, Art and Religion Indus ValleyCivilization and Gujarat Vedic Age- Jainism and Buddhism, Nanda Dynasty
2. Maurya and Gupt empires,
3. Vijayanagara Dynasty and Important dynasties of south India.
4. Important dynasties of Gujarat - their administration, art, architecture, literature, science and Technologies
5. Educational Institutions: Takshshila, Nalanda and Valabhi.
6. Arrival of Europeans in India, establishment and expansion of british rule in India 1757 to 1856, land revenue system. Permanent conscription, raiyatwari and mahalwari. Education system
7. India's Freedom struggle of 1857: religious and social reform movements in India and Gujarat in the 19th century, factors responsible for the rise of nationalism in India, Indian National Congress

8. Rise of Mahatma Gandhi on the national scene and the impact of his ideas, principles and teachings on the political, social, economic, religious, and cultural life of India.
9. Role of Sardar Patel in Independence Movement and Post-Independence Integration.
10. Indian revolutionaries in India and abroad, Azad Indian Army and Subhas Chandra Bose.
11. Post-Independence India: Reorganization of country states, Mahagujarat movement, Important events.

- **Cultural Heritage**

1. Salient features of Indian culture and its art forms, literature, sculpture and architecture from ancient to archaic times; Salient features of Indian Society
2. Indian cinema and theatre and its impact on society.
3. Arts and Crafts of Gujarat
4. Guajarati theatre
5. Folk culture and Oral Tradition of Gujarat: Its Significance, Characteristics and Implications
6. Coastal culture and tribal culture of Gujarat

- **Geography**

1. Study of physical features and resources of Gujarat and India: major landforms, climate, soil, rocks, rivers, reservoirs, vegetation, minerals and water resources.
2. Economic History: Primary, Tertiary, Tertiary and Quaternary,
3. Social and Demographic Geography.

4. Developmental and environmental issues, sustainable development, globalization; Its Social and Economic Impacts, Smart City and Solutions Natural disasters, carbon emissions, pollution disaster Management. Global Response to the problems of climate Change and Environmental Degradation: Key treaties and conventions.

- **Science and Technology**

1. Integrating science, technology and innovation for a better human life, Science and Technology in everyday life: India's contribution in the field of science and technology, challenges and obstacles in application and diffusion of science and technology, role and scope of science and technology in nation building
2. Information and Communication Technologies (ICT)-fis Importance, Benefits and Challenges, E Governance and policies regarding India, Cybercrime and Cyber Security
3. India's space programs-Past, Present and Future Energy Policy and Nuclear Policy of india Importance, benefits and challenges of technology in defense services
4. Achievements of Indians in the field of science and technology, matters related to intellectual property rights in the field of science and technology

- **Events of Regional, National and International Importance**
- **Indian State System and Constitution**

1. Constitution of India and its salient features.
2. Functions and duties of Union and State Governments of India.

3. Issues and challenges related to federal structure-Role of Governor in states
4. Division of Powers between cental and State Governments (central List. State List, Concurrent List).issues and challenges
5. Important constitutional amendments.
6. Constitutional Institutions and their Role
7. Parliament and State Legislatures - Structure. Functioning Governance. Powers and Special Jurisdictions and Related Topics
8. Judiciary in India - Structure and Functioning, Important Provisions and Constitutional Amendments related to Emergency, Judicial Review, Public Petitions.

**(g) Public Administration and Governance**

1. Meaning, Nature and Scope of Public Administration, evolution in India, legacy of British rule
2. Role of civil service in democracy.
3. Government policies and interventions, implementation issues and problems with regard to the development of various sectors
4. Development Process - Role of civil society, non-governmental organizations and other stakeholders, statutory, regulatory and various quasi-judicial bodies.
6. Good Governance and e-Governance-Transparency, accountability and sensitivity in governance – Bill of Rights, Right to Information, Public Service Act and its implications of this survey, social research and its importance
7. Rights related issues (Human Rights, women's Rights, Rights of Scheduled castes and Scheduled Tribes, Rights of Children) etc.

8. Important international organizations, agencies, various organizations and their structure

**(h) Discipline In Public Service**

1. Ethics and Human Interaction: Essence, Determinants and Implications/Impacts on Human Behavior, Consequences: Dimensions of Ethics, Ethics in Personal and public Relations, Ethics in public Services, Truthfulness and Accountability-Right to Information Act, Public Services Act and its implications.
2 Attitude: Basic elements, Functions; its effect on thoughts and behavior/behavior and relationship. character and political attitudes; Social influence and the role of persuasion/promotion.
3. Emotional Intelligence: Concept. Its Usefulness and Applications in Management and Governance.
4. Human Values: The Role of Family, Society and Educational Issues in Educating Citizens about Values.
5. Ethics related issues and challenges-Anti-corruption system, Lokpal, Lokayukta
6. Case study of matter related to the above order (1-5).

**(i) Indian Economy and Planning**

1. Indian Economy: Emergence and Development of Planning Practice in India, central and state Government's economic performance, dynamics, challenges, new initiatives, reforms etc. Important events, developments and social sector initiatives. Nit Aayog Objectives, Constitution and Functions Social Audit Agriculture, Industries, Infrastructure Sector and Service Sector.
2. Regulatory Framework for Finance and Banking Concepts, Structure and Role. Monetary policy and fiscal policy.

3. Indian Public Finance: Indian Tax System, public expenditure, Public Debt, deficit and aid in Indian Economy, centra; and state Fiscal Relations.

   Various indicators of economy, indian important institutions involved in public administration

4. Rural Development and Rural Economy- Challenges and Policies; Employment policies/Schemes in India
5. External Sector: Trends, Structure and Direction of Foreign Trade. External field improvements Foreign Institutional Investment (FII) and Foreign Direct Investment (FDI).
6. The Economy of Gujarat- An Overview; Economy, economic and social social infrastructure development policies of Gujarat in comparison with india and other states, Co-operative movement in Gujarat and its impact on socio-economic aspects of life.
7. Infrastructure: Power, Ports, Roads, Airports, Railways, Telecommunications. Social Impact Assessment.

**(Appendix – B-2)**

Main Exam Syllabus (Descriptive Test for Group-B)

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| **1** | **English** | **20** |
| | **1.** Tenses<br>**2.** Active Voice & Passive Voice<br>**3.** Narration (Direct-Indirect)<br>**4.** Transformation of Sentences<br>**5.** Use of Articles and Determiners<br>**6.** Use of Adjectives, Prepositions and Conjunctions<br>**7.** Verbs and Adverbs<br>**8.** Nouns and Pronouns<br>**9.** Use of Idiomatic Expressions<br>**10.** Synonyms/Antonyms<br>**11.** One Word substitutions<br>**12.** Affixes<br>**13.** Words that cause confusion like Homonyms/Homophones | |
| **2** | **ગુજરાતી** | **20** |
| | **1.** રૂઢિપ્રયોગનો અર્થ<br>**2.** કહેવતનો અર્થ<br>**3.** સમાસ વિગ્રહ કરી તેની ઓળખ<br>**4.** છંદ<br>**5.** અલંકાર<br>**6.** શબ્દસમૂહ માટે એક શબ્દ<br>**7.** જોડણી શુદ્ધિ<br>**8.** લેખન શુદ્ધિ, ભાષા શુદ્ધિ<br>**9.** સંધિ જોડો કે છોડો<br>**10.** સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો | |

| | | |
|---|---|---|
| **3** | **રાજ્યવ્યવસ્થા, RTI** | **30** |
| | **1.** ભારતીય બંધારણ– ઉદ્‌ભવ અને વિકાસ, લાક્ષણિકતાઓ, આમુખ, મૂળભૂત અધિકારો અને ફરજો માર્ગદર્શક સિદ્ધાંતો, અગત્યના બંધારણીય સુધારા, કટોકટીને લગતી મહત્વની જોગવાઈઓ.<br>**2.** સંઘ અને રાજ્યના કાર્યો અને જવાબદારીઓ, સંસદ અને રાજ્ય વિધાનમંડળ: માળખું, કાર્યો, સત્તા અને વિશેષાધિકારો, સમવાયતંત્રને લગતી બાબતો<br>**3.** ભારતમાં ન્યાયપાલિકા– માળખું અને કાર્યો, ન્યાયિક સમીક્ષા, જનહિત યાચિકા, બંધારણીય રિટ (Constitutional Writ).<br>**4.** બંધારણીય સંસ્થાઓ: સત્તા, કાર્યો અને જવાબદારી<br>**5.** વૈધાનિક, નિયમનકારી અને અર્ધ–ન્યાયિક સંસ્થાઓ<br>**6.** સ્થાનિક સરકાર.<br>**7.** કેન્દ્ર અને રાજ્ય સરકારની અગત્યની નીતિઓ અને કાર્યક્રમો.<br>**8.** જાહેર માહિતી અધિકાર અધિનિયમ (RTI Act- 2005) | |
| **4** | **ઈતિહાસ, ભૂગોળ, સાંસ્કૃતિક વારસો** | **30** |
| | **(ક) ઈતિહાસ** | |
| | **1.** સિંધુ ખીણની સભ્યતા: લાક્ષણિકતાઓ, સ્થળો, સમાજ, સાંસ્કૃતિક ઈતિહાસ, કળા અને ધર્મ, સિંધુ ખીણની સભ્યતા અને ગુજરાતના સંદર્ભમાં માનવ સભ્યતાનો વિકાસ<br>**2.** વૈદિક યુગ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ<br>**3.** ગુજરાતના રાજવંશો ; મૈત્રક વંશ, સોલંકી વંશ અને વાઘેલા વંશ<br>**4.** ૧૮૫૭નો ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ– ઉદ્ભવ, સ્વરૂપ, કારણો, પરિણામો અને મહત્ત્વ, ગુજરાતના વિશેષ સંદર્ભમાં<br>**5.** ૧૯મી સદીમાં ભારત અને ગુજરાતમાં ધાર્મિક અને સામાજિક સુધારા આંદોલનો<br>**6.** ભારતની સ્વતંત્રતા માટેની ચળવળ, ભારત અને વિદેશમાં ભારતીય ક્રાંતિકારીઓ<br>**7.** મહાત્મા ગાંધીજીનાં એકાદશ વ્રતો (અગિયાર મહાવ્રતો), રચનાત્મક કાર્યક્રમ, હિંદ સ્વરાજ | |

| | | |
|---|---|---|
| | **8.** સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના દેશી રાજ્યોનો આઝાદી પછી સંઘમાં વિલીનીકરણની ઘટનાઓ<br>**9.** મહાગુજરાત આંદોલન | |
| | **(ખ) સાંસ્કૃતિક વારસો** | |
| | **1.** ભારત અને ગુજરાતનો સાંસ્કૃતિક વારસો: કળા સ્વરૂપો, સાહિત્ય, સંગીત, શિલ્પ અને સ્થાપત્ય<br>**2.** ગુજરાતનાં મેળા, ઉત્સવો, ખાણી–પીણી, પોશાક અને પરંપરાઓ<br>**3.** ગુજરાતની લોકનાટ્ય કળા – ભવાઈ<br>**4.** ગુજરાતી સાહિત્ય અને સાહિત્ય સંસ્થાઓ, ગુજરાતના સંગ્રહસ્થાનો અને પુસ્તકાલય<br>**5.** ગુજરાતના તીર્થસ્થળો અને પર્યટનસ્થળો | |
| | **(ગ) ભૂગોળ** | |
| | **1.** સામાન્ય ભૂગોળ: સૂર્યમંડળના ભાગરૂપ પૃથ્વી, પૃથ્વીની ગતિ, સમય અને ઋતુની વિભાવના, પૃથ્વીની આંતરિક સંરચના, મુખ્ય ભૂમિ સ્વરૂપો, વાતાવરણ અને આબોહવા, મહાસાગરો, દરિયાઈ અને ખંડીય સંસાધનો.<br>**2.** ભૌતિક ભૂગોળ: ભારત અને ગુજરાતનું ભૂપૃષ્ઠ, મુખ્ય પ્રાકૃતિક વિભાગો, ભૂકંપ, જ્વાળામુખી અને ભૂસ્ખલન, કુદરતી અપવાહ, મોસમી આબોહવાના પ્રદેશો, ચક્રવાત, કુદરતી વનસ્પતિ: રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, જમીનનાં મુખ્ય પ્રકારો, ખડકો અને ખનિજો.<br>**3.** ગુજરાતનાં સંદર્ભમાં સામાજિક ભૂગોળ: વસ્તીનું વિસ્તરણ, વસ્તી ઘનતા, વસ્તી વૃદ્ધિ, સ્ત્રી–પુરૂષ પ્રમાણ, સાક્ષરતા, વ્યવસાયિક સંરચના, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વસ્તી. | |
| **5** | **અર્થશાસ્ત્ર, પર્યાવરણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી** | **30** |
| | **(ક) અર્થશાસ્ત્ર** | |
| | **1.** ભારતીય અર્થતંત્ર: સ્વતંત્રતા પૂર્વે અને સ્વતંત્રતા બાદનું ભારતીય અર્થતંત્ર, ભારતીય અર્થતંત્રમાં અત્યાર સુધી થયેલ વિવિધ સુધારાઓ, આયોજન પંચ અને નીતિ આયોગ. | |

| | | |
|---|---|---|
| | **2.** કૃષિ ક્ષેત્ર: મુખ્ય પાકો, સિંચાઈ પદ્ધતિ, કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલ યોજનાઓ, કૃષિ અને ટેકેનોલોજી, કૃષિ અને કૃષિ સાથે સંકળાયેલ ઔદ્યોગિક પ્રવૃતિ, શ્વેત ક્રાંતિ, હરિત ક્રાંતિ, જૈવિક ક્રાંતિ, ટકાઉ ખેતી, કૃષિ વિત્તિય નીતિ અને કૃષિ ઉત્પાદનોની ભાવનીતિ, ખાદ્ય સુરક્ષા અને જાહેર વિતરણ.<br>**3.** ભારતનાં ઉદ્યોગો અને ઔદ્યોગિક નીતિ<br>**4.** ભારતીય અર્થતંત્રમાં આંતરમાળખું: ઉર્જા, બંદરો, માર્ગો, હવાઈ મથકો, રેલવે, ટેલિકોમ્યુનિકેશન અને આંતરમાળખાં સાથે સંકળાયેલ સંસ્થાઓ.<br>**5.** ભારતીય જાહેર વિત્ત વ્યવસ્થા: ભારતીય કર પદ્ધતિ, જાહેર ખર્ચ, જાહેર દેવું, ભારતીય અર્થતંત્રમાં ખાદ્ય અને સહાય, તાજેતરના રાજકોષીય અને નાણાકીય નીતિઓના મુદ્દાઓ, RBI (રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયા)– તેનું કાર્યક્ષેત્ર અને તેની નીતિઓ | |
| | **(ખ) પર્યાવરણ** | |
| | **1.** રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પર્યાવરણની જાળવણી માટેની નીતિઓ અને સંધિઓ, પર્યાવરણ ક્ષેત્રની મહત્વની સંસ્થાઓ, પર્યાવરણ ક્ષેત્રે સંકળાયેલા મહત્વનાં એવોર્ડ<br>**2.** વન અને વન્ય જીવન સંરક્ષણ<br>**3.** ક્લાઈમેન્ટ ચેન્જ (જળવાયુ પરિવર્તન) અને તેને સંલગ્ન બાબતો<br>**4.** આપત્તિ વ્યવસ્થાપન | |
| | **(ગ) વિજ્ઞાન અને ટેક્નોલોજી** | |
| | **1.** રોજબરોજના જીવનમાં સામાન્ય વિજ્ઞાન (ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન), વિજ્ઞાન ક્ષેત્રે થયેલી મહત્વની શોધો અને તેના શોધકો, વિજ્ઞાન ક્ષેત્રે સંકળાયેલા મહત્વનાં એવોર્ડ, વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે સંલગ્ન વિવિધ સંસ્થાઓ, પ્રસિદ્ધ ભારતીય વૈજ્ઞાનિકો<br>**2.** સંરક્ષણ ક્ષેત્રે ટેક્નોલોજી: વિવિધ સંસ્થાઓ અને કાર્યક્રમ<br>**3.** અંતરિક્ષ/અવકાશ ક્ષેત્રે ભારતની પ્રગતિ અને વિવિધ સંસ્થાઓ<br>**4.** ભારતની ઉર્જા નીતિ | |
| **6** | **પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્વની સાંપ્રત ઘટનાઓ** | **30** |
| **7** | **સામાન્ય બૌદ્ધિક ક્ષમતા** | **40** |
| | **1.** તાર્કિક અને વિશ્લેષણાત્મક ક્ષમતા<br>**2.** સંખ્યાઓની શ્રેણી, સંકેત અને તેનો ઉકેલ | |

| | | |
|---|---|---|
| | **3.** સંબંધ વિષયક<br>**4.** ઘડિયાળ, કેલેન્ડર અને ઉંમર સંબંધિત પ્રશ્નો<br>**5.** સંખ્યા વ્યવસ્થા અને તેના માનક્રમ<br>**6.** માહિતીનું અર્થઘટન, માહિતીનું વિશ્લેષણ, માહિતીની પર્યાપ્તતા, સંભાવના<br>**7.** સરેરાશ યા મધ્યક, મધ્યસ્થ અને બહુલક, ભારિત સરેરાશ<br>**8.** ઘાત અને ઘાતાંક, વર્ગમૂળ, ઘનમૂળ, ગુ.સા.અ. અને લ.સા.અ.<br>**9.** ટકા, સાદું અને ચક્રવૃદ્ધિ વ્યાજ, નફો અને નુકસાન.<br>**10.**સમય અને કાર્ય, સમય અને અંતર, ઝડપ અને અંતર. | |
| | **કુલ ગુણ** | **200** |

**નોંધ:** પરીક્ષાનું માધ્યમ ક્રમ નં– ૧ માટે અંગ્રેજી (English) ભાષામાં રહેશે
અને ક્રમ નં– ૨ થી ૭ માટે ગુજરાતી ભાષામાં રહેશે.